| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૭/૦૮/૨૦૨૩   ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાંથી કાળા કલરની હુન્ડાઈ વેન્યુ કારમાં ભરેલ દેશી દારૂ ૧૨૬૦ લીટર કિ.રૂ. ૨૫,૨૦૦/- સાથે મળી કુલ્લે રુપિયા ૧૦,૨૫,૨૦૦/ નો મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ, જે આધારે આજરોજ તા.૧૭.૦૮.૨૩ ની વહેલી સવારે પી.સી.બી. ના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ ૪૮૯૯, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ તથા અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ તથા અ.હે.કો. પરાક્રમસિહ ભગવાનભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે કાળા કલરની હુન્ડાઈ વેન્યુ કાર નંબર GJ-01-WL-3668 નો પીછો કરતા સદરી કાર સાબરમતી કાળીગામ દિગ્વીજય ફેકટરીની બાજુમા ક્રિષ્ણા પેપરમીલ ની સામે, બલ્લુભાઈની ચાલીમાં આવેલ ખાંચામાં મળી આવતા સદરી કારમાથી તેમજ ડેકીમાથી દેશી દારુ  કુલ્લે ૧૨૬૦ લીટર કિ.રૂ.૨૫,૨૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૦,૨૫,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સાબરમતી પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૯૨૨૩૦૫૭૪/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ),૯૮(૨), ૮૧,૮૩ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નહી પકડાયેલ આરોપીઓ:**

(૧) ભુપેન્દ્ર ભાટી ઉર્ફે ભુપી મારવાડી રહેવાસી- કેશવનગર, મદ્રાસીની છાપરા, રાણીપ અમદાવાદ શહેર (૨) ઝાકીર શેખ રહે.કેશવનગર, રાણીપ, અમદાવાદ (૩) અજય સાલ્વી રહે.રાણીપ અમદાવાદ (૪) સંજય ડાભી રહે.કાંકરખાડ, ખેડા

**ગુનાની જગ્યા :** સાબરમતી કાળીગામ દિગ્વીજય ફેકટરીની બાજુમા ક્રિષ્ણા પેપરમીલ ની સામે, બલ્લુભાઈની ચાલીમાં આવેલ ખાંચામાં

**મુદામાલ :** (૧) દેશી દારુ ૧૨૬૦ લીટર કિ.રૂ.૨૫,૨૦૦/-  (૨) હુન્ડાઈ વેન્યુ કાર કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- (૩) સેમ્પલ બોટલ નંગ ૧ કિ.રૂ.૦૦ મળી કુલ્લે  રુપિયા ૧૦,૨૫,૨૦૦/ ની મત્તાનો મુદામાલ

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૭૯ લીટર દેશી દારૂ, ૧૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કુટર, ૧ રિક્ષા, ૧ બોલેરો પીક-અપ અને ૧ છોટા હાથી વાહન કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૦/૨૦૨૩**

**વાસણાઃ** પન્નાબહેન વા/ઓ કૌશીકભાઇ મહેતા (ઉ.વ.૬૩) (રહે. રાજયશરીવા ન્યુ વાસણા) તા.૧૬/૦૮/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પન્નાબહેન મહેતા વાસણા ડીવાઇન લાઇફ સ્કુલથી આગળ ધનશ્યાન ફ્લેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા સ્ત્રી-પુરૂષ મળ્યા હતા. જેઓએ પન્નાબહેન મહેતાને ધાર્મીક વાતો કરી વિશ્વાસમાં લઈ પન્નાબહેન મહેતાને કહેલ કે પહેરેલ દાગીના કાઢી પર્સમાં મુકી દો આવી રીતે રોડ ઉપર દાગીના પહેરીને ન ફરાય કોઇ લઇ જશે તેમ કહી પન્નાબહેન મહેતાએ પહેરેલ સોના-ચાંદીના દાગીના, રોકડ રૂપિયા તથા મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૩,૭૩,૧૦૦/- મતા એક થેલીમાં મુકાવી દાગીનાવાળી થેલી લઈ જઈ વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ પન્નાબહેન મહેતાએ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૧/૨૦૨૩**

**ગોમતીપુરઃ** દીપક સ/ઓ કાંતિલાલ લેઉવા (રહે.મનહર સોસાયટી ડી-૩૦ દવાખાના પાસે ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૦,૦૦૦/- તેમજ પાડોશીના મકાનમાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દેવીદાસ વિરભાણ ચલાવે છે.

**ઓઢવઃ** મદનલાલ જનવરીમલ બાફના (રહે. સુદાકુંજ સોસાયટી વિજય ચાર રસ્તા નવરંગપુરા) એ તા.૧૬/૦૮/૨૦23 ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૮/૨૦23 રાતના ૮/૦૦ થી તા.૧૨/૦૮/૨૦૨૩ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ સીંગરવા ગુજરાત વેપારી મહામંડળ પ્લોટ નં-૩૪૭ માં "અરિહંત આર્યરન એન્ડ સ્ટીલ" નામના લોખંડના કારખાનામાંથી (૧) શેરીંગ મશીનની બ્લેડ નંગ-૧૦ કિમત રૂપિયા ૫૭,૬૦૦/- (૨) પાણીના પંપ નંગ-૨ કિમત રૂપિયા ૩૭,૦૦૦/- (૩) લોખંડના પાટાનો ભંગાર કિમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૧૯,૬૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્ચિયન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૨/૨૦૨૩**

**વાસણાઃ** જૈમીન સ/ઓ ગજેન્દ્રભાઇ દવે (ઉ.વ.૩૪) (રહે. આદિત્ય ફ્લેટ મહેશ ડેરી પાસે ચન્દ્રનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૩ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૮/૨૦૨૨ કલાક ૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ દિલીપસિંહ ચલાવે છે.

**વેજલપુરઃ** વિશ્વનાથ સ/ઓ સુરેશભાઇ સેલાર (ઉ.વ.૩૧) (રહે. શ્રીનંદનગર વિભાગ-૩ જૈન દેરાસર સામે સોનલ રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૮/૨૦૨૩ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે જીવરાજ મહેતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૮/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેશકુમાર સ્વરૂપસિંહ ચલાવે છે.

**નિકોલઃ** રોયલબેન ડો/ઓ ગુમાનભાઈ વાલસિગભાઈ ડામોર (ઉ.વ.૧૬) (રહે. અન્નપુર્ણા એસ્ટેટ ઝવેરી એસ્ટેટની અંદર સીંગરવા કઠવાડા રોડ કઠવાડા તા.દસ્ક્રોઈ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૮/૨૦૨૩ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશ્વાહા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી